# કણબીઓનો પૂર્વ ઈતિહાસ અને કચ્છમાં આગમન"

## કણબી એટલે કોણ?

ભૂ: અસ્ય અસ્તિ ઈતિ કૂર્મીઃ

*ભાવાર્થ:- જેની પાસે માલિકીની જમીન હોય તે કણબી.*

## પૂર્વ ઈતિહાસ

પુરાણ કાળમાં ભારતવર્ષનો ભૌગોલિક વિસ્તાર ઘણા પ્રમાણમાં વિસ્તરેલ હતો તે જાણવા માટે આપણી પાસે પ્રમાણિક ગ્રંથો તરીકે વેદો-ઉપનિષદો વગેરે છે, જેનાથી જાણી શકાય છે કે તે સમયે અફઘાનિસ્થાન પણ ભારતનોજ એક ભાગ હતો.

જ્યારે યુરોપીયન દેશો સુધારાની બાબતમાં ઘણા જ પછાત હતા ત્યારે આપણો ભારતદેશ સંપૂર્ણ રીતે ઉન્નતિના શિખરે પહોંચેલ હતો તેના પૂરાવા તરીકે આજે પણ આપણે મોહન-જો-ડેરો, હરપ્પા, અને કચ્છના ખડીર વિસ્તારમાં આવેલ ધોળાવીરામાંથી મળી આવેલ પુરાતન ખંડેરોનાં બાંધકામ અને અવશેષો પરથી જોઈ શકીએ છીએ.

એક માન્યતા પ્રમાણે આપણા પૂર્વજ કૂર્મી-ક્ષત્રિઓ ઈ.સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાં અફઘાનિસ્થાનમાં વસ્તા હતા અને ત્યાંથી ઈ.સ. પૂર્વે ૨૦૦૦ની આસપાસ હિંદુકુશ પર્વતમાળા ઓળંગી પંજાબમાં આવી કરડ અને લેય (લાહોર) પ્રગણામાં આવી વસ્યા હાતા. ઘણાં માને છે તેમ આપણે શ્રી રામચંદ્રજીના પુત્રો કુશ કે લવના વારસદારો નથી પણ પંજાબના કરડ અને લેય પ્રગણપરથી આ કડવા અને લેવા સાખ-સંજ્ઞા ધારણ કરેલ છે.

સંસ્કૃતમાં કૂર્મી એટલે (ગુજરાતીમાં) કણબી (કચ્છીમાં) કૂ-ન્ભી માત્ર ધૂળમાંથી ધાન પેદાકરનાર ખેડૂતો જ નથી પણ એક મહાપ્રતાપી અને પ્રભાવશાળી મહાપુરુષ કશ્યપૠષિના ગોત્રમાં કૂર્મૠષિના વંશજ ચંદ્રવંશીય લડાયક વર્ગના ક્ષત્રિય પુત્રો છીએ. કશ્યપ ગોત્રનો આજે પણ આપણ લગ્ન પ્રસંગે ઉલ્લેખ થાય છે.

ભારતનો પંજાબ પ્રાંત પુરાણકાળથી જ ફળદ્રુપ અને વર્ષાૠતુ પણ અનુકુળ હોવાથી આ કુર્મીઓએ અહીં આવી ખેતીધંધો શરૂ કર્યો અને જાત મહેનતથી પંજાબને વધારે ફળદ્રુપ બનાવ્યો, કદાચ તેથી લલચાઈને આસપાસના દેશોમાંથી વિદેશી-વિધર્મીઓનાં ટોળાં વારંવાર પંજાબ પર ત્રાટકવા લાગ્યાં અને માત્ર લૂંટફાટ જ નહિ પણ પરાણે ધર્મપરિવર્તન તેમજ અન્ય સમાજીક બાબતો કે વ્યવસ્થાઓમાં પણ ઘણી વિટંબણાઓ કરવા લાગ્યાં. કૂર્મીઓ પ્રતિકાર કરતા રહ્યા પણ પછીતો વ્યવસ્થિત રીતે આસરીઅન, ગ્રીક, લાકટ્રિઅન, પાર્થીઅન, હુઅન અને છેલ્લે શકલોકોએ માત્ર પંજાબ જ નહિ પણ સિંધ, માળવા, બિહાર અને ગુજરાત સુધી પણ પોતાની સત્તા જમાવી દીધી હતી. ઈ.સ. પૂર્વે ૭૫માં છેલ્લા શક રાજા કનિષ્કના મૃત્યુ પછી માળવામાં એક મહાપ્રતાપી અને બળવાન રાજા વીર વીક્રમમાદિત્ય થયા, (જેના નામે સંવત ચાલે છે) આ રાજા વિક્રમદિત્ય શક લોકોને હિંદની હદબહાર કાઢવા તગેડતા ઠેઠ પંજાબમાં આવી પહોંચ્યા તેણે અહીં કૂર્મીઓની સ્થિતી તથા ખેત-મહેનત જોઈ ઘણા પ્રભાવિત થયા એટલે પાછા વળતાં ઘણાં લડાયક કૂર્મી કુટુંબોને સાથે લાવી માળવા અને મગધ (બિહાર)માં વસવાટ કરવા સગવડ કરી આપી અને સંકટ સમયે લશ્કરી સેવા પણ આપતા.

આ પ્રમાણે પંજાબમાંથી છૂટા પડેલ કૂર્મીઓએ પોતાની અસલ ભૂમિ અને જાત વિસ્મૃત ન થઈ જાય તેમાટે કરડ વિભાગના *"કરડવા કૂર્મી"* (પછીથી કડવા) અને લેય વિભાગના *"લેયો કૂર્મી"* (પછીથી લેઉઆ કે લેવા) વિશેષણો ધારણ કરી રાખ્યાં. બિહારમાં વસવાટ કરતા કૂર્મીઓ (કરડમંથી ખરડ અને તેમાંથી) *"ખારી"* અને (લેયામાંથી) લારી કણબીઓ કહેવાય છે.

ઈ.સ. પૂર્વે ૭૮માં પંજાબના ગુજરાત શહેરમાંથી પણ ઘણા ગુર્જરો (?) એ પણ સ્થળાંતર કર્યું હતુ તેઓની સાથે ઘણાં કૂર્મી પરિવારોએ પણ સ્થળાંતર કર્યું અને તેઓ ઉત્તર પ્રદેશમાં મથુરા અને રાજસ્થાનમાં આબુ પર્વતની આસપાર તેમજ ગુજરાતમાં પણ વસવાટ કર્યો.

હાલ આબુ પર્વતની આસપાસ વસવાટ કરતા કૂર્મીઓ (સહસ્ત્રા અર્જુનના વારસદાર) આંજણા કણબી કહેવાય છે, અને જાટ પણ કહાવાય છે, આમતો માળવા (રાજસ્થાન) અને પંજાબના જાટ અને આંજણા એકજ વર્ગના કણબીઓ છે, પંજાબના મહારાજ રણજીતસિંહ જાટ હતા.

હાલ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં મુખ્ય વસ્તી કૂર્મી ક્ષત્રિઓની છે, તેઓ ગુજરાતમાં વસત કડવા અને લેવા પાટીદારોના ભાઈઓ જ છે.

પંજાબમાંથી લેયા (લેઉવા) કૂર્મીઓ, અજમેર, મારવાડ, ભીજામાલ અને પાટણવાડાના રસ્તે થઈ અડાલજ આવ્યા. અહીં લેવા પાટીદારોની કુળદેવી અન્નપૂર્ણાનું સ્થાનક છે, અહીથી અનુક્રમે ચરોતર, ભાલ, વાકળ, કાનમ, કઠલાલ, કપડવંજ અને સાવલીના રસ્તે થઈ ચાંપાનેર સુધી ગયા, ચાંપાનેરનું પતન થતાં અહીંથી લેઉઆ અને કડવા પાટીદારો વડોદરા, ભરૂચ, સુરત તથા વલસાડ સુધી ગયા અને છેવટે ગુજરાતના ગામડે ગામડે ફેલાયા.

મગધ (બિહાર)માં આવી વસવાટ કૂર્મીઓ ઘણાં વરસો અહી રહી રાજકુમાર બિંદુસર અને રાજા અશોકની માળવાની સૂબાગીરીમાં સાથે લશ્કારી સરદારી પણ કરી હતી અને ઈ.સ. પહેલાના સૈકામાં કેટલાક પ્રદેશ પોતા હસ્તક કરી માધાવતીમાં પોતાની રાજધાની સ્થાપી હતી, ત્યાંના છેલ્લા કૂર્મીરાજ શ્રી વ્રજ્યપાલજીને સંજોગવસાત સ્થળાંતર કરવું પડયું એટલે પોતાની માલમિલકત સાથે થોડો રસાલો લઈ ગુજરાતમાં શ્રીસ્થળ (સિદ્ધપુર) આવ્યા અહીં તેણે માતુગયા શ્રાદ્ધ ર્ક્યું અને અહી આવી વસેલા જ્ઞાતિબંધુઓને મળી આનંદ પામ્યા.

સંવત ૬૧૨માં સારું મૂર્હૂત જોઈ ઉંઝાગામ વસાવ્યું અને કુળ દેવી ઉમિયાજીનું સ્થાનક બનાવ્યું અને પોતે અહીંજ સ્થાયી થયા.

તે પછી ગુજરાતમાં વાઘેલા રાજા કરણની મૂર્ખાઈથી ઘણી અંધાધૂધી શરૂ થઈ, મુસ્લીમ બદશાહો, સુલતાન અને સૂબાઓનું જોર વધ્યું હિંદુઓની સલામતી ખાસ રહી નહી એટલે ઘણાં કણબી પરીવારો ચાંપાનેરમાં આવી વસવા લાગ્યા અહીં રાજપૂત રાજ્ય હોવાથી સલામતી હતી. અહીં આવી કણબીઓ રાજકરણમાં પણ આગળ પડતો ભાગ ભજવતા હતા, ઈ.સ. ૧૪૮૩માં મહમદ બેગડાએ ચાંપાનેર સર ર્ક્યું અને કણબીઓના નાયક વૈરિસિહજી તથા અન્ય લડાયક કણબીઓને પણ મહેમદાવાદમાં લાવી કેદમાં પૂર્યા.

તે પછી ઈ.સ. ૧૪૯૪માં ગુજરાતના સોલંકી રાજા સિદ્ધરાજ માળવા પર ચડાઈ કરી ત્યાંના રાજા યશોવર્મા સાથે બાર વરસ સુધી વિગ્રહ ચલાવ્યો હતો તેમાં અહીં વસવાટ કરતા કણબીઓની ખેતાવડીનો પણ સત્યાનાશ વળી ગયો એટલે કણબીઓએ રાજા સિદ્ધરાજ પાસ ફરિયાદ નોંધાવી એટલે રાજા સિદ્ધરાજ આ કણબીઓને ગુજરાતના ચરોતર વિભાગમાં માંગ પ્રમાણે જમીન આપી એટલે કણબીઓ અહીં સ્થાયી થયા.

સંવત ૧૭૭૫માં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડયો એટલે કણબીઓ સ્થળાંતર કરી ઘણાં કુટુંબો પાછા માળવા ગયાં ત્યાં નિમાડ રાજ્યમાં આવ્યા અહીંની મહારાણી અહલ્યાબાઈ હોલકરે આ કણબીઓને રહેવા તથા ખેડવા માટે પડતર જમીન આપી થોડા જ વરસોમાં આ કણબીઓએ પડતર જમીનમાંથી નંદનવન બનાવી દીધાં, ગુજરાતની લાલસા છોડી અહીંજ સ્થાયી થયા. આ કણબીઓ અહીં ગુજરાતી અને નિમાડી કણબી પણ કહેવાય છે અને પોતાના ગુજરાતમાં વસ્તા બંધુઓ સાથે સગપણ વહેવાર તથા હળવા-મળવાનું ચાલુ રાખ્યું છે. આવીરીતે ચડતી પડતીના અબાધિત સૃષ્ટિ કર્મના ભોગથી કણબીઓ પણ બચી શકયા નથી.

## કણબીમાંથી પટેલ કેમ કહેવાયા?

ઈ.સ. ૧૪૧૨ થી ૧૫૭૩ ના સમયગાળામાં ગુજરાતના ગામડાઓમાં સુલતાનો અને સુબાઓ તરફથી મુખ્ય માણસની નિમણુક થતી તેને મુખી કહેવાય, મુખી શબ્દ આરેબીક શબ્દ "*મુક્તા*"નો અપભ્રૂંશ છે અને મુખીને પણ માનપાનથી બોલવા માટે "*પટલિક*" શબ્દ વપરાતો તેમાંથી "*પટેલ*" શબ્દ વપરાવવા લાગ્યો, ક્રમે ક્રમે મુખીના કુટુંબી સભ્યોને પણ પટેલ તરીકે બોલાવવા શરૂ થયા અને છેવટે બધા કણબીઓ પણ પટેલ બની ગયા, આમ પટેલ શબ્દ કણબીઓની સંજ્ઞા કે અટક બની, નાત નહિ. મહારાષ્ટ્રના કણબીઓ પટેલને પાટીલ તરીકે ઓળખાવા લાગ્યા.

## પટેલમાંથી પાટીદાર કેમ બન્યા?

સંવત ૧૭૫૯, ઈ.સ. ૧૭૦૩માં વીર વીસનદાસ નામે પટેલ તરફથી પીપળાવમાં સમસ્ત કણબીઓનો મેળાવડો યોજવામાં આવ્યો હાતો, તેમાં ઔરંગઝેબના શાહજાદા બહાદૂર શાહને પણ ખાસ મહેમાન તરીકે બોલાવવામાં આવેલ આ સમયે વીર વીસનદાસે પટેલને બદલે પાટીદાર શબ્દ દફતરમાં (ઓફીસ-કચેરી)માં નોંધ્યાવ્યો ત્યારથી પાટીદાર કહેવાયા.

પાટી એટલે પૃથ્વી (જમીન) સંસ્કૃતમાંથી પાકૃતમાં થયેલ અપભ્રૂંશ અને દાર એટલે ધરાવું કે હોવું (દાર ઈરાની-ફારસી શબ્દ છે) પાટીદાર એટલે જમીન ધરાવનાર.

## અમીન અને દેસાઈ?

વીર વીસનદાસના જ સમયમાં ગામડાંઓમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ નાગર બ્રાહ્મણોને સોંપવામાં આવતું હતું પણ આ નાગરલોકો કણબીઓને બહુ તંગ કરતા તેથી વીર વીસનદાસે જ લાગવગ વાપરીને મોગલ બાદશાહ તથા ગુજરાતના સૂબાઓ પાસેથી મહેસૂલના ઈજારા કણબીઓને અપાવ્યા, આ મહેસૂલ ઉઘરાવનાર કણબીઓ અમીન (ભરોસેદાર) કહેવાયા અને પેશ્વાના સમયમાં મહેસૂલ ઉઘરાવનાર દેસાઈ કહેવાયા.

## કણબીઓ ક્ષત્રિય છે?

આ પૂરવાર કરવા માટે તા. ૨૫-૨૬ મે ૧૯૦૬ ના દિવસોમાં ચૂનાર જીલ્લાના ભરેહટ્ટા સ્થળે ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી રાધાચરણ વિદ્યા વાગિરા, ઓરનરી મેજીસ્ટ્રેટ શ્રી વ્રંદાવનવાળાના અધ્યક્ષ પણા હેઠળ એક મહાસભા બોલાવવામાં આવી હતી તેમાં કાશીના પંડિતો, મહાત્માઓ, બ્રાહ્મણો ઉપરાંત અન્ય જ્ઞાતિઓના સભ્યોને પણ આમંત્રણથી બોલાવવામાં આવ્યા હતા, (સભા એટલે માટે બોલાવવામાં આવી હતી કે આ સમયે કણબીઓ લગભગ ખેતીજ કરતા હોવાથી ઉતરતી જાત તરીકે ગણવામાં આવતા હતા) આ સભામાં ઘણા જ વાદવિવાદો પછી શ્રી સભાપતિએ જાહેર ર્ક્યું કે.... "*કણબીઓ ક્ષત્રિય છે કે નહિ?*" તે પર ખૂબજ વાદવિવાદ પરથી અહીં પધારેલ આપ સૌ સમક્ષ એ નિર્ણય પર આવું છું કે તેઓ (કણબીઓ) ક્ષત્રિય

તરીકે સિદ્ધ થઈ ચૂક્યા છે અને તેઓને ઉપનયન (જનોઈ વગેરે) સંસ્કારો કરવામાં કોઈ પણ રીતે બાધ નથી.

## "કચ્છમાં કણબીઓનું આગમન"

કચ્છમાં કણબી-ક્ષત્રિયાના આગમન વિષે થોડા મત-મતાંતરો છે, એક ઐતિહાસિક માન્યતા પ્રમાણે ઈ.સ. પૂર્વે ૩૦૦માં જ રાજા ચંદ્રગુપ્ર મૌર્યના સમયમાં પંજાબમાંથી કૂર્મી-ક્ષત્રિઓનાં ટોળાં ગુજરાતમાં દાખલ થયાં ત્યારે કેટલાંક ટોળાં સિંધ, રાજસ્થાન અને રાધનપરના માર્ગે થઈ કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ દાખલ થયાં હોય એમ જણાય છે. સૌરાષ્ટ્ર (હાલાર) અને કચ્છના મધ્યભાગ ભુજ, માંડવી, મુદ્રા વિભાગમાં વસવાટ કરતા લેવા પાટીદારો વચ્ચે ઘણુ જ સામ્ય છે. આ કણબીઓ એક જ વર્ગના હોવાથી તેઓમાં સગપણ વહેવાર પણ ચાલે છે જોકે કાળંતરે કરી હવે બોલી અને પહેરવાસમાં થોડો ફરક જણાઈ આવે છે. કચ્છ સૌરાષ્ટ્રના આ કણબીઓ મુખ્યત્વે સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનવાવાળા છે અને ઘણા સનાતની પણ છે.

કચ્છ-વાગડમાં લેવા પાટીદારો ગુજરાતમાંથી પ્રથમ આવ્યા હોય એમ પણ મનાય છે એટલું જ નહિ પણ લાખા ફૂલાણીના વખતમાં પાટીદારોને ભેગા કરી તેમાં ઠરાવ પાસ કરાવીને ચોરા-ચિત્તા એટલે લગ્ન-મરણની ક્રિયાઓ જે બ્રાહ્મણો કરાવતા તે બંધ કરાવ્યું અને હિંદુધર્મ સાથે લગભગ સબંધ બંધ થયા, આ પછી થોડા સમય સુધી કડવા અને લેવા પાટીદારો વચ્ચે સબંધો તંગ રહ્યા હતા. પણ હાલે ધીમે ધીમે આજની યુવા પ્રજાએ પોતાના પૂર્વજોએ કરેલ ભૂલો સુધારી લીધી છે.

કચ્છમાં વસતા કડવા પાટીદારોની સાખ (અટક કે નુખ) લગભગ પૂર્વજ કે વડીલના નામે ચાલે છે જેમકે વેલાણી, નાકર, કેનાકરાણી પોકાર, રામણી, લીમ્બાણી વગેરે વગેરે, તેમાંથી થોડી કદાચ લેઉઆ પટેલની સાખને મળતી આવે છે પણ કચ્છના લેવા પાટીદારોની સાખ (નુખ) વંશજ કે વડીલના નામે બહુ ઓછી હોય છે. તેઓની સાખ લગભગ મૂળવતન કે સ્થળ સાથે જોડાયેલ હોય છે જેમ કે-

| નુખ | ગામ | સ્થળ |
|---|---|---|
| *ગામી...* | *ગમ્બાર...* | *માઉન્ટગોમરી પાસે (?)* |
| *ભુવા...* | *ભોવા...* | *લાહોર પાસે (પંજાબમાં)* |
| *પીંડોરીયા...* | *પીંડી...* | *લાહોર પાસે (પંજાબમાં)* |
| *પીંડોરીયા...* | *પીંડારા...* | *સૌરાષ્ટ્ર (દ્વારકા પાસે)* |

તેવી રીતે ભુડીયા કદાચ ભુવડથી આવ્યા હોય, હાલાઈ હાલારથી વગેરે વગેરે આગળ જણાવેલ તે પ્રમાણે કડવા પાટીદારોનો ઈતિહાસ વ્યવસ્થિત રીતે મૂળ સ્થળ અને પૂર્વજોના નામ સહીત લખાયેલ જોવા-વાંચવા મળે છે. કચ્છના લેઉઆ પાટીદારોનો ઈતિહાસ પણ ભવિષ્યમાં આપણા સમાજ તરફથી પ્રગટ કરવામાં આવે તો આપણી ભાવિ પ્રજાને આપણા પૂર્વજો વિષે જાણવાની જીજ્ઞાષા થાય ખરી.

આજે તો આ ધીંગા ધરતી પુત્રોને ભારતની ધરતી પણ નાની પડી એટલે વિદેશો ખેડવા લાગ્યા છે, ધંધા-ઉધોગના દરેક ક્ષેત્રો ખેડી રહ્યા છે અને ધાનને બદલે ધન પેદા કરી રહ્યા છે એટલે દેશ-વિદેશોમાં ઉદારતાથી દાન વગેરે કરે છે કારણ કે ઈશ્વરે કણબીઓનાં દિલ અને હાથની પણ સાઈઝ (કદ) બીજા કરતાં મોટાં બનાવ્યાં છે, કણબીઓની જીભ (જબાન-બોલી) જરા બીજા કરતાં ધારદાર હોય છે પણ દીલમાં દયા પણ ભરી રાખી છે અને ખુમારી પણ... એટલે જ કહેવાય છે કે....

**કણબી કોઈ વાંસે નહિ,**
**કણબી વાંસે કરોડ**
**પેટ ભરે બાદશાહોનાં,**
**હળથી બાંધે હોડ.**

અસ્તુ.....

*સંકલનઃ- કલ્યાણ ગોવિંદ પીંડોરીયા*
*ગામ શ્રી માધાપર હાલે વેમ્બલી*

> ***India is cradle of human race***
> ***Birth place of human speech.***
> ***Mother of History,***
> ***Grandmother of Legend***
> ***Great grandmother of Tradition . . . .***
> ***. . . .the one land that all men desire to see.***
>
> *Mark Twain....*